# સે-૨૧ શાકમાર્કેટ તેમજ આસપાસના વિસ્તારમાં દબાણનો સફાયો

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર શહેરમાં ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર થઈ ગયા છે. ત્યારે આજે દબાણો દુર કરી દીધા હતા.જયારે સેકટર-૨૧ રાત્રીના સમયે ન વધે તેટલુ દબાણ દિવસે વધતુ હતું. હતા. નાગરીકો પણ દબાણકર્તાઓથી ત્રાહીમામ નહીંવત દેખાઈ રહ્યા છે. ત્યારે આજે મનપાની દબાણ ટીમે કરીને નાગરીકોને ચાલવા જેટલી પણ જગ્યા ન છોડતા ગલ્લાઓમાં શેડ સહિતના દબાણો દુર કર્યા હતા . દબાણ







દબાણને અજગરી ભરડામાંથી તંત્રએ મુક્ત કરાવ્યું હોય તેવું લાગી રહ્યું છે. શહેરના રાજમાર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પરથી લારી સેકટર-૨૧ શાકમાર્કેટ અને તેની આસપાસ રહેલા લારી-ગલ્લામાં દબાણ ટીમ ત્રાટકી હતી. ટીમે ટેબલ, બાકડા, ગલ્લા અને શેડ સહિતના શાકમાર્કેટમાંથી ૭૫ થી વધુ કેરેટ ઝપ્ત કર્યા છે. ત્યારે દબાણ ઝુંબેશ કાર્યરત રહેતા દબાણકર્તાઓમાં ભય ફેલાયો છે.

ગાંધીનગરના માર્ગો પર નગરમાં જયાં નજર કરો ત્યાં લારી ગલ્લા જ દેખાય હતા તેવી પરિસ્થિતિ થઈ ગઈ હતી. શહેરના દરેક સેકટરમાં અસંખ્ય દબાણકારો ઉભા થયા પોંકારી ઉઠ્યા હતા. ત્યારે તાજેતરમાં દબાણકર્તાઓ પર તંત્રએ લાલ આંખ કરતા દબાણકારોમાં ફફળાટ ફેલાયો છે. શહેરમાં લારી ગલ્લા ફરીવાર સપાટો બોલાવતા હાહાકાર મચી જવા પામ્યો છે. સેકટર-૨૧ શાકમાર્કેટમાં કેરેટ ગોઠવીને ઓટલા પાસે તેમજ મુખ્ય માર્કેટમાં દબાણ ઉભુ દબાણકારોના ૭૫ કેરેટ તંત્રએ ઝપ્ત કરી લઈ દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. જયારે દુકાનો પાસે રહેલા બાંકડા, ટેબલો, ચર્ચની બાજુમાં આવેલ વિભાગના અધિકારી મહેશ મોડે જણાવ્યું હતુ કે આગામી સમયમાં પણ દબાણ ટીમ કાર્યરત રહેશે અને નિરંતર કામગીરી કરશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




પત્રકાર તરીકે તમને ખબર હોવી જોઈએ અમે જ્યારે વચન આપ્યા હતાં ત્યારે જુદી સરકાર હતી... જેથી અમારા કોઈ વચન સાચા ન પડ્યા..!!

# સિવિલના સિટીસ્કેન મશીનમાંથી ઓઈલ લીકેજની સમસ્યા સર્જાઈ

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલને માંડ માંડ કરોડો રૂપીયાનું સીટીસ્કેન મશીન મળ્યું છે. સીટી સ્કેન જે સ્થળે ફીટ કરવાનું છે તે સ્થળે દિવાલોમાં ભેજ આવતા મશીન ફીટ થઈ શક્યું નથી. ત્યારે એક માસથી પડી રહેલા મશીનમાંથી ઓઈલ લીકેજ થવા લાગ્યું છે. ત્યારે હવે સીટી સ્કેન મશીન કયારે શરુ થશે તે કહેવા કોઈ તૈયાર નથી.

ગાંધીનગર શહેર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા દર્દીઓનો ભારે ધસારો રહે છે. ગ્રામ્ય વિસ્તારમાંથી મોટીસંખ્યામાં દર્દીઓ સિવિલમાં સારવાર માટે આવે છે. હાલના સમયે પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર ઈમારત દર્દીઓથી ઉભરાય છે. ત્યારે દર્દીઓને એકસ-રે, સોનોગ્રાફી અને સીટીસ્કેનની જરુરીયાત રહે છે. ત્યારે રેડીયોલોજી વિભાગ પણ સમસ્યાઓથી ઘેરાયેલો છે. એકસ-રે મશીન ડચકા ખાય છે. કયારે બંધ અને ક્યારે શરુ તે દર્દીઓને પણ ખબર હોતી નથી. ત્યારે સીવીલમાં સોનોગ્રાફી માટે મહિનાઓ સુધી રાહ જોવી પડતી હતી.જયારે સરકાર દ્વારા કરોડો રૂપીયાનું સીટીસ્કેન મશીન સિવિલને આપવામાં આવ્યું છે. પરંતુ સીટી સ્કેન મશીન લોકઉપયોગી બની રહે તે પહેલા જ સિવિલની પથારીમાં પડ્યું હોય તેવું લાગી રહ્યું છે. એક માસ થવા છતા સીટીસ્કેન મશીન દિવાલમાં ભેજને પગલે ફીટ થઈ શક્યું નથી.

તો બીજી તરફ પડી રહેલા મશીનમાંથી ઓઈલ લીકેજ થતા તંત્રને હજ્જારો રૂપીયાનું નુકશાન થવા પામ્યું છે. ટેકનીકલ ખામીને પગલે ખોટવાયેલું મશીન કયારે શરુ થશે અને નાગરીકો માટે ઉપયોગી બની રહેશે તે જોવું રહ્યું..

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ટ્રાફિક ડ્રાઈવ સતત કાર્યરત રાખવામાં આવી રહી છે. આ અંતર્ગત શહેરના ગ-૨ સર્કલે સેક્ટર-૬ના કોર્નર પાસેથી ૧૫થી વધુ વાહનોને ડિટેઈન કરાતાં વાહનચાલકોમાં દોડધામ મચી જવા પામી હતી.

● દિવ્યાંગોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા 'સક્ષમ' દ્વારા કોર્નિયા અંધત્વ નિવારણ માટે 'કામ્બા અભિયાન' ચલાવાઈ રહ્યું છે. આ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની 'સક્ષમ' ટીમ દ્વારા આગામી તા. ૧૭મી ઓગષ્ટના રોજ સાંજે ૪.૩૦ કલાકે બાયસેગ ખાતે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરની સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓને નિમંત્રવામાં આવ્યાં છે.

# કલોલ તાલુકા વિસ્તારમાં સક્રિય થયેલા ચાર કેબલ ચોરો ઝડપાયા

### સવા ત્રણ સો કિલો વજન કોપર વાયરના નાના-મોટા ચોરાયેલા ૧૨ બંડલ રિકવર : કેબલ ચોરીના વધુ ગુનાના ભેદ ઉકેલાય તેવી શક્યતા

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પંથકમાં તેમા પણ ખાસ કરીને સાંતેજ વિસ્તારમાં કેબલ ચોરીની ઘટનાઓ વધી જવા પામી છે ત્યારે કલોલ તાલુકા વિસ્તારમાં આતંક મચાવનાર ચાર કેબલ ચોરોને ચોરીના મુદ્દામાલ સાથે સાંતેજ પોલીસે દબોચી લીધા છે. કલોલ તાલુકાના મોટીભોયણ ગામમાં રહેતા તમામ ૪ કેબલ ચોરોની ધરપકડ કરી તેમની પાસેથી કુલ રૂપિયા ૧.૩૪ લાખની કિંમતનો ચોરીના કેબલનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલી કેબલ ચોર ગેંગની ઊંડી પૂછપરછમાં વધુ કેટલાક કેબલ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ પણ છે.



સાંતેજ પોલીસની ટીમે તેમના વિસ્તારમાં સક્રિય થયેલા કેબલ ચોરોને પકડવા બાતમીદારો દોડતા કર્યા હતા. પોલીસની ટીમને મળેલી સચોટ બાતમીના આધારે કલોલ તાલુકાના મોટી ભોયણ ગામના ઊંડો વાસમાં રહેતા ૪ કેબલ ચોરોને દબોચી લીધા છે. ૨૪ વર્ષીય મંજેશ કનુ પ્રહલાદ ઠાકોર, અશોક કાના રામસંગ ઠાકોર, મહેન્દ્ર ઉર્ફે જાડો વિક્રમ ઠાકોર અને ૨૩ વર્ષીય મહેન્દ્ર ઉર્ફે મંગા અરજણ ઠાકોર મળીને ચાર શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી સાંતેજ પોલીસે ચોરીમાં ગયેલા કોપર વાયરના ૪ મોટા બંડલ અને ૮ નાના બંડલ મળીને ૩૩૫ કિલો વજનના રૂ.૧.૩૪ લાખની કિંમતના નાના-મોટા કુલ ૧૨ બંડલ ચારેય શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. પકડાયેલા આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં થયેલી કેબલ ચોરીના ગુના પણ ઉકેલાય તેવી શક્યતાને આધારે પોલીસે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.



સમસ્ત ગુજરાત રાજય બ્રહ્મસમાજના અગ્રણી નિશિતભાઈ વ્યાસ, દિવ્ય ત્રિવેદી અને રાકેશ જાનીએ ગુજરાત રાજયના ગવર્નર મહામહિમ શ્રી ઓમપ્રકાશ કોહલીજીના જન્મદિવસે મુલાકાત લઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગાંધીનગરમાં મહિલા કલ્યાણ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૯
ગાંધીનગરમાં મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે ગોપાલક કન્યા વિદ્યાલય, ગાંધીનગર ખાતે યોજાયેલ મહિલા કલ્યાણ દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અસમાનતા દૂર થાય અને મહિલાઓના પ્રશ્નો સંઘર્ષ બદલે સમજણથી હલ થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. મહિલાઓમાં શિક્ષણ, રોજગાર સહિત આરોગ્યલક્ષી યોજનાઓ બનાવી છે. આવી કલ્યાણકારી યોજનાઓના લાભ લઈ મહિલાઓ આર્થિક અને સામાજિક ક્ષેત્રે આત્મ સન્માન અને ગૌરવભેર આગળ વધે તો સામાજિક અસમાનતા આપોઆપ દૂર થઈ જશે.

જનરલ અવેરનેસ રિસોર્સ પર્સન શ્રી સેજલબેન જોષી, આઈ.સી.ડી.એસ.ના પ્રોગામ ઓફિસર શ્રી આરતીબેન દવે મહિલાઓમાં સામાજિક બદલાવ આપે અને વધુ પગભર બની સ્વમાનભેર જીવનજીવે તે માટે પ્રેરણાદાયી પ્રવચનો કર્યો હતા.



જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જી.પી. બ્રહ્મભટ્ટ, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.વી.બારૈયા, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પંડયા સહિત વિશાળ સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.



## સે. ૨૬ ગ્રીનસીટીમાં હિંડોળા દર્શન

શહેરમાં અત્યારે હિંડોળા મહોત્સવ ચાલી રહ્યો છે અને ભાવિકો ભગવાનને હેતથી હિંડોળે ઝુલાવી રહ્યાં છે. સેકટર-૨૬માં ગ્રીનસીટી સોસાયટીમાં પણ મહિલાઓ દ્વારા આકર્ષક હિંડોળા તૈયાર કરવામાં આવ્યાં છે. જેમાં સેકટર-૨૬ સહિત આસપાસના વિસ્તારની શ્રદ્ધાળુ મહિલાઓ પ્રભુજીને પ્રેમથી હિંડોળે ઝુલાવી રહી છે.

# ગૌરક્ષકની હત્યાને પગલે માલધારી સંગઠન દ્વારા કલેકટરને આવેદનપત્ર

તાજેતરમાં કડીના ખેરપુરા ગામના ગૌરક્ષક રાજુભાઈ રબારીની હત્યા થતાં ગૌરક્ષકોમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. તેમની હત્યાના વિરોધમાં આજે પાટનગરના માલધારીઓએ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજ્યા હતા અને હત્યારાઓને કડક કાર્યવાહી કરી ફાંસીની સજા આપવાની માંગ સાથે માલધારીઓએ જિલ્લા કલેકટરને લેખિત આવેદન પત્ર પાઠવ્યું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં માલધારી સમાજના ભાઈઓ હાજર રહ્યા હતા. મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ખેરપુરા ગામમાં વસવાટ કરતા અને છેલ્લા કેટલાક સમયથી ગાયમાતાની રક્ષા કરતા માલધારી સમાજના રાજુભાઈ રબારીની તાજેતરમાં કેટલાક અસામાજીક તત્વો દ્વારા હત્યા કરવામાં આવી છે. આ હત્યામાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી તેમની સામે કડક કાર્યવાહી કરવી તથા હત્યામાં સીબીઆઈ તપાસની માંગ માલધારી સમાજ દ્વારા કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં માલધારી યુવકની હત્યાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યાછે. હત્યાના વિરોધમાં વિવિધ શહેર-ગ્રામ્ય, તાલુકા-જિલ્લા કક્ષાએ સમાજ દ્વારા રેલીઓ તેમજ ધરણા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આજે શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે પાટનગરના માલધારીઓએ એકઠા મળી ધરણાનો કાર્યક્રમ આપ્યો હતો. રાજુભાઈના હત્યારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને હત્યારાઓને ફાંસી આપવાની માંગ સાથે જિલ્લા કેલકટરને આવેદન પત્ર આપ્યું હોવાનુ જિલ્લા માલધારી સંગઠને જણાવ્યું છે.

# સ્વાતંત્ર્ય દિને ૯૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શહેરમાં શૌર્ય મહાયાત્રાનું આયોજન

### રાધે રાધે ગૃપ તથા ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા રાષ્ટ્રભક્તિ જગાવવાના હેતુથી ઘ-૫ થી ઘ-૩ સર્કલ સુધીની યાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગરમાં યુવાનો દ્વારા આ વખતે તા. ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત શહેરમાં સૌ પ્રથમવાર ૯૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રા યોજાશે.

શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થાઓ રાધે રાધે ગૃપ તથા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા સ્વતંત્રતા દિવસની અનોખી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં તા. ૧૫મી ઓગષ્ટે વહેલી સવારે ૭ કલાકે ઘ-૫ સર્કલથી ઘ-૩ પથિકાશ્રમ સર્કલ સુધી શૌર્ય મહાયાત્રા યોજાશે જેમાં મોટી સંખ્યામાં યુવાનો તથા શહેરીજનો જોડાશે. આ સૌર્ય મહાયાત્રામાં શહેરમાં સૌપ્રથમવાર ૯૦૦ મીટર લાંબા ત્રિરંગા સાથે પદયાત્રા યોજાશે અને યુવાનો રાષ્ટ્રભક્તિ અંગે સૂત્રોચ્ચાર કરશે. શૌર્ય મહાયાત્રામાં ઘોડેસવારો શૌર્ય મહાયાત્રાને માર્ગદર્શિત કરશે તેમજ યાત્રામાં એક ખુલ્લી જીપ્સી કારમાં એક દિકરી ભારતમાતા બનીને ત્રિરંગા સાથે ઉભી રહેશે. યુવાનો પણ હાથમાં ત્રિરંગા સાથે દેશભક્તિનો સંદેશ પ્રસરાવશે. આ શૌર્ય મહાયાત્રામાં શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ શૈક્ષણિક કલારસિક વગેરે પણ જોડાશે. યુવાનો શૌર્ય મહાયાત્રામાં સફેદ વસ્ત્રો પરિધાન કરીને જોડાશે તેવુ આયોજકોએ જણાવ્યુ છે.

# ગાંધી સંદેશયાત્રા આજે શહેરમાંથી પસાર થશે

ગાંધીનગર, તા. ૯
ભારતીય યુવક કોંગ્રેસ દ્વારા દેશમાં વ્યાપેલી અરાજકતા અને નિષ્ફળ બનેલી કાયદા વ્યવસ્થાની વિરુદ્ધમાં રાષ્ટ્રવ્યાપી યાત્રા યોજવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મહાત્મા ગાંધીજીના અમદાવાદ ખાતેના કોચરબ આશ્રમથી નવી દિલ્લી ખાતે મહાત્મા ગાંધીજીની સમાધિ સ્થળ એવા રાજઘાટ સુધી ''નફરત છોડો ગાંધી સંદેશ યાત્રા'' યુવક કોંગ્રેસ દ્વારા તારીખ ૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી યોજવાની જાહેરાત કરી છે. જેના અન્વયે આજ રોજ ૯ ઓગસ્ટે કોચરબ આશ્રમથી ગાંધી આશ્રમ સુંધી શરૂ થયેલી યાત્રા તા.૧૦-૮-૨૦૧૮ના રોજ વહેલી સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગર જિલ્લામાં પ્રવેશ કરનાર છે. જેનું ભવ્ય સ્વાગત કરવાનો કાર્યક્રમ ગાંધીનગર જીલ્લા યુવક કોંગ્રેસ અને ગાંધીનગર શહેર યુવક કોંગ્રેસે ઘડી કાઢ્યો છે.

આ બાબતે વધુ માહિતી આપતા જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી અને શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ ભાવેશ દેસાઈએ સંયુકપણે જણાવ્યું છે કે ''નફરત છોડો ગાંધી સંદેશ યાત્રા''નું આજરોજ ૧૦-૮-૨૦૧૮ના રોજ રક્ષાશકિત સર્કલ(શાહપુર સર્કલ) પાસે ભવ્ય સ્વાગત કરશે. જ્યાં ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ કેશવચંદ યાદવ, પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, વિપક્ષના નેતા પરેશભાઈ ધાણાની, ગુજરાત યુવક કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત તેમજ અન્ય વરિષ્ઠ મહાનુભાવોનું ભવ્ય સ્વાગત કરશે અને શાહપુર ચોકડી પાસે યોજાનાર જાહેર સભામાં માર્ગદર્શન પણ મેળવાશે. જેથી ગાંધીનગર શહેર અને જીલ્લાભરમાંથી ૧૫૦૦ જેટલી બાઈક/કાર દ્વારા રેલી યોજાશે. જે શાહપુર ચોકડી-રિલાઈન્સ ચોકડી-ઘ-૦-ઘ૬-અક્ષરધામ-સેક્ટર ૩૦ સર્કલ-ચિલોડા(ડ)થી ચંદ્રાલા થઈ સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશ કરશે. જેથી શાહપુર ચોકડી ખાતે સ્વાગત કાર્યક્રમ, જાહેર સભા અને બાઈક રેલીમાં સૌ કોંગ્રેસી કાર્યકરો અને આગેવાનોને જોડાવા જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા આમંત્રણ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાઈક સવારોએ હેલ્મેટ પહેરવું આવશ્યક છે. તેવું જીલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ જીત્રેન્દ્રસિંહ સોલંકીએ જણાવ્યું છે.





## રાજ્યપાલના જન્મદિવસે મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત તેમજ રક્તદાન શિબિર

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીના જન્મદિવસના અવસરે રાજભવન જઈને શુભેચ્છા પાઠવી હતી. રાજ્યપાલના જન્મદિવસની ઉજવણી નિમિત્તે દર વર્ષે રાજભવન ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે, તેની પણ રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ મુલાકાત લીધી હતી અને રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.